ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમને ધિરાણ પ્રવૃત્તિ માટે અંતિમ હપ્તા પેટે રૂ.૩૭,૫૦૦.૦૦ લાખની ગ્રાન્ટ ફાળવવા બાબત. સને ૨૦૧૮-૧૯

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ સશપ-૧૦૨૦૧૮-ન.બા.-૬૭-અ.૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ-૧૩/૦૩/૨૦૧૯

**વંચાણે લીધા :-**

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૪-૪-૨૦૧૮ નો સરખા ક્રમાંકનો ઠરાવ

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૮-૦૫-૨૦૧૮નો સરખા ક્રમાંકનો ઠરાવ

(3) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતાનો તા.૧૫/૦૨/૨૦૧૯નો પત્ર ક્રમાંકઃ વિજાક/બો.નિ./ ૨૦૧૮-૧૯/૩૨૭

**આ મુ ખ :-**

વંચાણે લીધેલ ક્રમાંકઃ (૧) સામેના આ વિભાગના તા.૦૪-૦૪-૨૦૧૮ ના ઠરાવથી નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯ના અંદાજપત્રમાં ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ માટે લોન ધિરાણની પ્રવૃતિ માટે કરવામાં આવેલ કુલ જોગવાઇ રૂ. ૫૦,૦૦૦.૦૦ લાખ (અંકે રૂપિયા પચાસ હજાર લાખ પૂરા)ની વહીવટી મંજૂરી આપવામાં આવેલ હતી. વંચાણે લીધેલ ક્રમાંકઃ (૨) સામેનાં આ વિભાગના સરખા ક્રમાંકનાં તા.૨૮-૦૫-૨૦૧૮ના ઠરાવથી નિગમને ધિરાણ પ્રવૃતિ માટે પ્રથમ હપ્તા પેટે રૂ.૧૨,૫૦૦.૦૦ લાખ (અંકે રૂપિયા બાર હજાર પાંચસો લાખ પૂરા)ની રકમ વિકસતી જાતિ કલ્યાણ ખાતા મારફત ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમને હવાલે મૂકવા માટે મંજૂરી આપવામાં આવેલ હતી. વંચાણે લીધેલ ક્રમાંકઃ (3) પરનાં નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતાના તા.૧૫/૦૨/૨૦૧૯નાં પત્રથી રૂ.૩૭,૫૦૦.૦૦ લાખ (અંકે રૂપિયા સાડત્રીસ હજાર પાંચસો લાખ પૂરા)ની રકમ લોન ધિરાણ પ્રવૃતિઓ માટે ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમના હવાલે મૂકવાની મંજૂરી આપવા દરખાસ્ત કરેલ હતી. જે સરકારશ્રીની સક્રીય વિચારણા હેઠળ હતી.

**ઠ રા વ :-**

પુખ્ત વિચારણાના અંતે ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમને ધિરાણ પ્રવૃત્તિ માટેની કુલ રૂ.૫૦,૦૦૦.૦૦ લાખ(અંકે રુપિયા પચાસ હજાર લાખ પુરા)ની રકમ માંથી લોન ધિરાણ માટે બાકી રહેતી રૂ.૩૭,૫૦૦.૦૦ લાખ(અંકે રૂપિયા સાડત્રીસ હજાર પાંચ સો લાખ પુરા)ની રકમ ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમના હવાલે મુકવા નિયામકશ્રી,

વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ગાંધીનગરને નીચેની શરતોને આધિન આથી મંજૂરી આપવામાં આવે છે.

શ ર તો :-

૧. આ ગ્રાન્ટ નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ગાંધીનગરે તાત્કાલિક ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમને હવાલે મુકવાની રહેશે.

૨. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ વર્ષ ૨૦૧૮-૧૯ની અંદાજપત્રીય જોગવાઇઓને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

૩. આ અંગેનો ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનો રહેશે.

૪. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

૫. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

૬. ઉપર્યુક્ત લોનની રકમની ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ, ગાંધીનગર દ્વારા રાજ્ય સરકારને પરત ભરપાઇ અને વ્યાજના દર અને તે અંગેની ચૂકવણીની વિગતો તૈયાર કરી નાણા વિભાગ/જાહેર સાહસ બ્યુરોની મંજૂરી અર્થે રજુ કરવાની રહેશે.

૭. આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૮. આ અંગેનો ખર્ચ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના માંગણી નં-૯૨, મુખ્ય સદર-૬૨૨૫ અનુ.જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાતવર્ગ અને લઘુમતિઓનું કલ્યાણ માટે લોન, પેટા મુખ્ય સદર-૮૦ સામાન્ય, ગૌણ સદર-૧૯૦ જાહેર ક્ષેત્ર હેઠળની લોન અને અન્ય કમાણી હેઠળ, પેટા સદર- ૦૧ ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમને ધિરાણ હેઠળ કરવામાં આવેલ જોગવાઇમાંથી કરવાનો રહેશે.

આ ઠરાવ નાણાં વિભાગની તા.૦૮/૦૩/૨૦૧૯ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે.જી.વણઝારા)
અધિક સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ

- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

નકલ રવાના:-

- અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી(આ.બા.), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણાં સલાહકારશ્રી(સા.ન્યા.), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ લિ., ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- રેસિડેન્ટ ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજરશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ.
- સિલેકટ ફાઇલ.